શું સદગોર નહીં જાગે ?

પીરાણાની ગાદીના અધ્યક્ષ કાકા લખમણ કરમશી ને કચ્છના કડવા કણબી જ્ઞાતિના આગેવાન ગેઢેરાઓ અને પી-રાણાના કહેવાતા હરીવંશી સૈયદો જોગઃ—

જત લખવાનું કે આપ મહાત્માઓ આજે આખા કચ્છ દેશને કાનમાં જાલી જુલાવી રહયા છો અને મોજ મજા ઉડાવી રહયા છો તેને જોઈને "દે દાતાર ને પેટ કુટે ભંડારી" તે મુજબ આપણા મુંબઇ વાશી અને કચ્છ વીરાણીવાસી યુવક બન્ધુઓ આપની સતાને તોડવા પ્રયત્નો કરી રહયા છે તે એટલે સુધી કે તેનું વર્ણન કરતાં અમારી કલમ કંપેછે. પણ કહેવા વગર અમારાથી રહી નહિ શકાવાથી આપ મહાસ્યોને જણાવીએ છીએ કેઃ—

પ્રથમતો અમારે પીરાણાના હરીવંશી સૈયદોને કહેવું જોઇએ કે તમોતો હવે એકદમ મુન ગ્રહણ કરીને બેસી રહયા છો તેનું કારણ શું ? અમને તો તેનું કારણ કાંઇ વિચત્ર લાગેછે. કહયું છે કે "સાચતો ઉભી નાચ" તેથી તમો જો ખરા હરીવંશી બ્રાહ્મણ હો ને માંસ અહાર ન કરતા હો ને શુદ્ધ સનાંતની અર્થવ વેદ મુજબ વરતતા હો તો તમારી સત્યતા બતાવો અને જાહેરમાં આવીને અમારી જ્ઞાતિના આગેવાન ગેઢેરાઓ જેઓ આપના શીષ્યો છે અને જેણે આટલા દીવસ તમારા વચનો ઉપર વિશ્વાસ રાખીને જે નીચ કૃત્યો કરી રહયા છે અને તમારાં પેટો ભરી રહયાં છે તેની આબરૂની ફજેતી ઘરે ઘર ગવાઇ રહી છે તેને બચાવો અને બચાવવા મદદ કરો. કાં સંતાઇને બેઠા છો ? જો કદી તમો હરીવંશી બ્રાહ્મણો નહો ને સનાતની અર્થવ વેદ મુજબ ન વરતતા હો અને માંસાહાર કરતા હો તો (કરોછોજ) કહો કે અમો હરીવંશી તો શું પણ એક શુદ્ર હિંદુ પણ નથી અમો તો ચોખા મુસલમાન (યવન) છીએ અને વેદ તેમ કુરાનથી વિમુખ વરતનારા છીએ. તેથી તમોએ અમારીવાત ઉપર આટલા દીવસ વિશ્વાસ રાખ્યો પણ હવેથી અમારા ઉપર આધાર રાખવો મુકી દીઓ. કારણ કે અમો કોઈ પણ માણસ અને તમારા સુધરેલા ભાઇઓને કાંઇ પણ જવાબ આપી શકીશું નહિ એવી ખુલાસાવાર છાપાદ્વારા ખબર ફેલાવો કે જેથી તેઓતો બીચારા પોતાનું સંભાળે અને સુધારાવાળાની પાછળ કોદાળી અને પાવડા ઉપાડેલ છે તે તો મુકી દે અને પોતાનો જે ધર્મ (વેદધર્મ) તે પાળીને શુદ્ધ કડવા કણબી તો થાએ તેથી અમો તમોને વિનંતી કરીને કહીએ છીએ કે તમારાથી તો અમારા સુધરેલા ભાઈઓને કાંઇ પણ જવાબ આપી શકાશે નહિ એવી અમોને ખાત્રી છે માટે નાહાક અમારા ભોળા રહૃદયના વડીલોને આંધળા બનાવી ખાડામાં કાં નાખો ! ને તેની પવિત્ર ઇજ્જતને ઘરોઘર કાં વગોવાવોછો ? હવે તેનો કેડો મુકી દીઓ ને જો નહી મુકોતો અમારા વિશ્વાસુ વડીલોએ જે આટલા દીવસ સુધી તમારા વચનો ઉપર વિશ્વાસ રાખ્યો છે તેનું વિશ્વાસ ઘાતનું પાપ થાશે તેનું ફળ ને આજ દિવસ સુધી તેઓ પોતાના ખરા ઇસ્ટદેવથી વિમુખ ચાલ્યા છે તેનું ફળ અને પોતાના ગરીબ ભાઇઓ ઉથર જુલમ ગુજાર્યો તેનાં પાપનું ફળ તમોને ભોગવવું પડશે.

અમારા વહાલા આગેવાન ગેઢેરાઓ અને પીરાણાના કહેવાતા ભકતરાગ્ગો હવે તો [illegible] અને પીરાણા પંથનો બચાવ કરાવો નહી તો પછે પસ્તાવું પડશે કદી આપ તે સતગોરને જગાડી ન શકતા હો તો તેના ગાદી પતી કાકા લખમણને કહો કે તે જગાડે. અરે કાકા શ્રી તો ધન ભેગું કરવાના કામમાં રોકાણા છે કેમકે કહ્યું છે કેઃ—

ઘર ઘરમેં જર હય તો, તો દુનિયામેં લહર હય;
બીના જરકી જીંદગાની, કાતીલ ઝહર હય,

તેથી તેઓ મીલોના શેર સટામાં, લીમીટેડ કંપનીઓના ડાયરેકટર (ભાગીદાર) થવામાં, બેંકોમાં હિસાબ કરવામાં, અને મોટરોની ખરીદી કરવામાં રોકાણા છે તેથી તેઓ પણ જગાડી શકે તેમ નથી. કદી પીરાણાના ભકત મંડળ જગાડે તો તે પણ પોતાના શિષ્યોને આડું ઉંધું સમજાવવામાં રોકાઈ ગયા છે તેથી તેને પણ કહી શકાય તેમ નથી તો પછે આપ જ્ઞાતિ આગેવાન ગેઢેરાઓ જગાડો પણ આપને પણ ફુરસદ મળતી નહી હોય કારણ કે આપના ઉપર પણ એક મહા મુશકલીનો ધંધો ખડો છે તે એકે બીચારા ગરીબજ્ઞાતિ બન્ધુઓને મારી કુડી દંડ કરી નાણાં ભેગાં કરીને કાકાશ્રીને આપવાં અને સાથે પોતાનાં પાપી પેટ ભરવાં તેથી તમો પણ જગાડી શકો તેમ નથી. તો શું થયું ? પીરાણા પંથી ગોર પોતે તો અંતરયામી છે તો તે શું નહિ જાણતા હોય ને તેજો જાણતા હોયતો પોતે કાં ન જાગે ને પોતાના ભકતો ને સહાય કાં ન કરે. અરે તે પણ બીચારો કરે શું કે તેનો કાંઇ ઉપાય નથી કારણ કે તેના પુજારીઓ અને ભકતો તો ખાલી જગતને ધુતવાંમાંજ પુરા છે. બીચારા પીરાણાપંથી ગોરને તો કોઇ પુછતુંએ નથી કે તમો કયાં પડયા છો તેથી તે બીચારા પોતે એવી કુંભ કરણની અઘોર નિદ્રા લઈ સુતાછે કે તે કોઇ પણ ઉપાય કરે પણ જાગે તેમ નથી અરે હાય ! ત્યારે શું સદ્ગોર નહિ જાગે ! ના, જાગશે તો ખરા પણ જ્યારે પીરાણાના અધ્યક્ષ કાકા લખમણ અને જ્ઞાતિ આગેવાનો સત રસ્તે ચાલીને પોતાના અનુયાયીઓને તેના ખરા ઈષ્ટ દેવની ઓળખાણ કરાવશે અને પીરાણા પંથના સતશાસ્ત્રોનો સત બોધ કરશે ત્યારે હાલ તો ભલે કાકાઓ સૈયદો અને પેલા પીરાણાના અંધશ્રધાળુ ભકતો માથા કુટી કુટીને મરે અને આખી રાત અને દીવસ નુર પીધા કરે અને નુરનામા, બાજનામાં પડયા કરે પણ કશું વળવાનું નથી અને ખાલી જગતની નજરે ચડીને ફજેત થવાનું છે. તેથી બંધુઓ તમો પીરાણા પંથ ધર્મ અનુયાયી થયા છો તો તેના મુળ સિદ્ધાંત સમજવા વગર જેટલી બકવાદ કરશો તેટલી સર્વે નકામી છે તો ખાલી અંધ શ્રધા રાખવી મુકીદીયો અને તમો સુધ કડવા કણબી હો તો પોતાના ખરા ઈષ્ટ દેવની સોધ કરો અને કમર કસો, પોતાના સ્વરૂપો ઓળખો અને મુસલમાન યવનોનો સંગ મુકો અને પોતાના ખરા ધર્મને ઓળખો કે જેથી તમારા કામની અંદર વિઘ્ન આવતાં અટકે અને નીરવિઘ્ને તમારૂં કામ પુરણ થાય. અસ્તુ.

લી. શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ
ઠે. રણછોડ લાઇન દેશલ બજાર–કરાચી.

તા. ૧–૭–૧૯૨૦

હિતેચ્છુ પ્રેસ–કરાચી

શું સદગોર નહીં જાગે ?

પીરાણાની ગાદીના અધ્યક્ષ કાકા લખમણ કરમશી ને કચ્છના કડવા કણબી જ્ઞાતિના આગેવાન ગેદેરાઓ અને પીરાણાના કહેવાતા હરીવંશી સૈયદો જોગઃ—

જત લખવાનું કે આપ મહાત્માઓ આજે આખા કચ્છ દેશને કાનમાં જાલી જુલાવી રહયા છો અને મોજ મજા ઉડાવી રહયા છો તેને જોઈને "દે દાતાર ને પેટ કુટે ભંડારી" તે મુજબ આપણા મુંબઇ વાશી અને કચ્છ વીરાણીવાસી યુવક બન્ધુઓ આપની સતાને તોડવા પ્રયત્નો કરી રહયા છે તે એટલે સુધી કે તેનું વર્ણન કરતાં અમારી કલમ કંપેછે. પણ કહેવા વગર અમારાથી રહી નહિ શકાવાથી આપ મહાસ્યોને જણાવીએ છીએ કેઃ—

પ્રથમતો અમારે પીરાણાના હરીવંશી સૈયદોને કહેવું જોઇએ કે તમોતો હવે એકદમ મુન ગ્રહણ કરીને બેસી રહયા છો તેનું કારણ શું ? અમને તો તેનું કારણ કાંઇ વિચત્ર લાગેછે. કહયું છે કે "સાચતો ઉભી નાચ" તેથી તમો જો ખરા હરીવંશી બ્રાહ્મણ હો ને માંસ અહાર ન કરતા હો ને શુદ્ધ સનાંતની અર્થવ વેદ મુજબ વરતતા હો તો તમારી સત્યતા બતાવો અને જાહેરમાં આવીને અમારી જ્ઞાતિના આગેવાન ગેદેરાઓ જેઓ આપના શીષ્યો છે અને જેણે આટલા દીવસ તમારા વચનો ઉપર વિશ્વાસ રાખીને જે નીચ કૃત્યો કરી રહયા છે અને તમારાં પેટો ભરી રહયાં છે તેની આબરૂની ફજેતી ઘરે ઘર ગવાઇ રહી છે તેને બચાવો અને બચાવવા મદદ કરો. કાં સંતાઇને બેઠા છો ? જો કદી તમો હરીવંશી બ્રાહ્મણો નહો ને સનાતની અર્થવ વેદ મુજબ ન વરતતા હો અને માંસાહાર કરતા હો તો (કરોછોજ) કહો કે અમો હરીવંશી તો શું પણ એક શુદ્ર હિંદુ પણ નથી અમો તો ચોખા મુસલમાન (યવન) છીએ અને વેદ તેમ કુરાનથી વિમુખ વરતનારા છીએ. તેથી તમોએ અમારીવાત ઉપર આટલા દીવસ વિશ્વાસ રાખ્યો પણ હવેથી અમારા ઉપર આધાર રાખવો મુકી દીઓ. કારણ કે અમો કોઈ પણ માણસ અને તમારા સુધરેલા ભાઇઓને કાંઇ પણ જવાબ આપી શકીશું નહિ એવી ખુલાસાવાર છાપાદ્વારા ખબર ફેલાવો કે જેથી તેઓતો બીચારા પોતાનું સંભાળે અને સુધારાવાળાની પાછળ કોદાળી અને પાવડા ઉપાડેલ છે તે તો મુકી દે અને પોતાનો જે ધર્મ (વેદધર્મ) તે પાળીને શુદ્ધ કડવા કણબી તો થાએ તેથી અમો તમોને વિનંતી કરીને કહીએ છીએ કે તમારાથી તો અમારા સુધરેલા ભાઈઓને કાંઇ પણ જવાબ આપી શકાશે નહિ એવી અમોને ખાત્રી છે માટે નાહાક અમારા ભોળા રહદયના વડીલોને આંધળા બનાવી ખાડામાં કાં નાખો ! ને તેની પવિત્ર ઇજ્જતને ઘરોઘર કાં વગોવાવોછો ? હવે તેનો કેડો મુકી દીઓ ને જો નહી મુકોતો અમારા વિશ્વાસુ વડીલોએ જે આટલા દીવસ સુધી તમારા વચનો ઉપર વિશ્વાસ રાખ્યો છે તેનું વિશ્વાસ ઘાતનું પાપ થાશે તેનું ફળ ને આજ દિવસ સુધી તેઓ પોતાના ખરા ઇસ્ટદેવથી વિમુખ ચાલ્યા છે તેનું ફળ અને પોતાના ગરીબ ભાઇઓ ઉથર જુલમ ગુજાર્યો તેનાં પાપનું ફળ તમોને ભોગવવું પડશે.

અમારા વહાલા આગેવાન ગેદેરાઓ અને પીરાણાના કહેવાતા ભકતરાઓ હવે તો [illegible] અને પીરાણા પંથનો બચાવ કરાવો નહી તો પછે પસ્તાવું પડશે કદી આપ તે સતગોરને જગાડી ન શકતા હો તો તેના ગાદી પતી કાકા લખમણને કહો કે તે જગાડે. અરે કાકા શ્રી તો ધન ભેગું કરવાના કામમાં રોકાણા છે કેમકે કહ્યું છે કેઃ—

ઘર ઘરમેં જર હય તો, તો દુનિયામેં લહર હય;
બીના જરકી જીંદગાની, કાતીલ ઝહર હય,

તેથી તેઓ મીલોના શેર સટામાં, લીમીટેડ કંપનીઓના ડાયરેકટર (ભાગીદાર) થવામાં, બેંકોમાં હિસાબ કરવામાં, અને મોંટરોની ખરીદી કરવામાં રોકાણા છે તેથી તેઓ પણ જગાડી શકે તેમ નથી. કદી પીરાણાના ભકત મંડળ જગાડે તો તે પણ પોતાના શિષ્યોને આડું ઉંધું સમજાવવામાં રોકાઈ ગયા છે તેથી તેને પણ કહી શકાય તેમ નથી તો પછે આપ જ્ઞાતિ આગેવાન ગેદેરાઓ જગાડો પણ આપને પણ ફુરસદ મળતી નહી હોય કારણ કે આપના ઉપર પણ એક મહા મુશકેલીનો ધંધો ખડો છે તે એંક બીચારા ગરીબજ્ઞાતિ બન્ધુઓને મારી કુડી દંડ કરી નાણાં ભેગાં કરીને કાકાશ્રીને આપવાં અને સાથે પોતાનાં પાપી પેટ ભરવાં તેથી તમો પણ જગાડી શકો તેમ નથી. તો શું થયું ? પીરાણા પંથી ગોર પોતે તો અંતરયામી છે તો તે શું નહિ જાણતા હોય ને તેજો જાણતા હોયતો પોતે કાં ન જાગે ને પોતાના ભકતો ને સહાય કાં ન કરે. અરે તે પણ બીચારો કરે શું કે તેનો કાંઇ ઉપાય નથી કારણ કે તેના પુજારીઓ અને ભકતો તો ખાલી જગતને ધુતવાંમાંજ પુરા છે. બીચારા પીરાણાપંથી ગોરને તો કોઇ પુછતુંએ નથી કે તમો કયાં પડયા છો તેથી તે બીચારા પોતે એવી કુંભ કરણની અઘોર નિદ્રા લઈ સુતાછે કે તે કોઇ પણ ઉપાય કરે પણ જાગે તેમ નથી અરે હાય ! ત્યારે શું સદ્ગોર નહિ જાગે ! ના, જાગશે તો ખરા પણ જ્યારે પીરાણાના અધ્યક્ષ કાકા લખમણ અને જ્ઞાતિ આગેવાનો સત રસ્તે ચાલીને પોતાના અનુયાયીઓને તેના ખરા ઈષ્ટ દેવની ઓળખાણ કરાવશે અને પીરાણા પંથના સતશાસ્ત્રોનો સત બોધ કરશે ત્યારે હાલ તો ભલે કાકાઓ સૈયદો અને પેલા પીરાણાના અંધશ્રધાળુ ભકતો માથા કુટી કુટીને મરે અને આખી રાત અને દીવસ નુર પીધા કરે અને નુરનામા, બાજનામાં પડયા કરે પણ કશું વળવાનું નથી અને ખાલી જગતની નજરે ચડીને ફજેત થવાનું છે. તેથી બંધુઓ તમો પીરાણા પંથ ધર્મ અનુયાયી થયા છો તો તેના મુળ સિદ્ધાંત સમજ્વા વગર જેટલી બકવાદ કરશો તેટલી સર્વે નકામી છે તો ખાલી અંધ શ્રધા રાખવી મુકીદીયો અને તમો સુધ કડવા કણબી હો તો પોતાના ખરા ઈષ્ટ દેવની સોધ કરો અને કમર કસો, પોતાના સ્વરૂપો ઓળખો અને મુસલમાન યવનોનો સંગ મુકો અને પોતાના ખરા ધર્મને ઓળખો કે જેથી તમારા કામની અંદર વિઘ્ન આવતાં અટકે અને નીરવિઘ્ને તમારૂં કામ પુરણ થાય. અસ્તુ.

લી. શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ

ઠે. રણછોડ લાઇન દેશલ બજાર-કરાચી.

તા. ૧-૭-૧૯૨૦

હિતેચ્છુ પ્રેસ-કરાચી